# કલોલના ૧૩ પેટ્રોલ પંપોની તપાસ કરાઈ છે : મંત્રીશ્રી

## બે વર્ષમાં સ્વનિર્ભર માધ્યમિક અને ઉ. માધ્યમિકની 33 શાળાઓને તો 3 વર્ષમાં ૯૦ સ્વનિર્ભર પ્રા. શાળાઓને મંજુરી અપાઈ છે

ગાંધીનગર, તા.૧૧

૨૦૧૩ના વર્ષ દરમિયાન ગાંધીનગર જિલ્લાની ૩૭૩ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે તેમ રાજયના શિક્ષણમંત્રીશ્રીએ ગાંધીનગર (ઉ)ના ધારાસભ્યશ્રી અશોક પટેલના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

શિક્ષણમંત્રીશ્રી એ ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે માણસામાં ૮૧ કન્યાઓને, કલોલમાં ૧૮૯ કન્યાઓને, દહેગામમાં ૮૧ કન્યાઓને, અને ગાંધીનગરમાં ૨૨ કન્યાઓને આ વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે આ માટે સાત લાખ ૪૬ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. દરેક કન્યાને રૂ. ૨૦૦૦નો બોન્ડ આપવામાં આવે છે.

● **નિરંતર શિક્ષણના વર્ગ**

દહેગામ તાલુકામાં છેલ્લા ચાર વર્ષથી પ્રેરકો દ્વારા નિરંતર શિક્ષણના વર્ગો ચલાવવામાં આવી રહ્યા છે તેમ શિક્ષણમંત્રીશ્રીએ કોંગીના કામિનીબા રાઠોડના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

તેમણે ધારાસભ્યશ્રીના અન્ય એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે દહેગામ તાલુકામાં ૮૨ સ્થાનો પર ૧૧૨ જેટલા વર્ગો પ્રેરક દ્વારા ચલાવવામાં આવી રહ્યા છે. તેમાં ૩૧૬૮ નિરક્ષરોને આવરી લેવામાં આવ્યા છે.

● **કલોલમાં પેટ્રોલ પંપની તપાસ**

કોંગીના ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોરે કલોલ તાલુકામાં પેટ્રોલ પંપો અને ગેસ એજન્સીઓની કરાયેલી તપાસ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાગરિક પુરવઠા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૫-૧૪ની સ્થિતિએ કલોલ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૧૩ પેટ્રોલ પંપોની કુલ ૨૦ તપાસ કરવામાં આવી છે. તે પૈકી ૩ પંપોની તપાસમાં ગેરરીતિ અને ક્ષતિઓ જણાઈ આવી છે.

તેમણે અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે કલોલ તાલુકામાં એક ઈન્ડેન ગેસ કંપનીની મોનાલીસા ગેસ સર્વિસમાં તપાસ કરવામાં આવી હતી.

● **ઈકો ટુરીઝમ**

કોંગીના ધારાસભ્યશ્રી અમીતભાઈ ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં ઈકો ટુરિઝમના વિકાસની યોજના અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં આ યોજના અમલમાં મુકાઈ છે.

જિલ્લાના દહેગામ તાલુકામાં કંથારપુર ગામે પૌરાણિક વડની પસંદગી કરી જુદી જુદી કામગીરી કરવામાં આવી હોવાનું પણ મંત્રીશ્રીએ જણાવ્યું છે.

જેમાં આ વડની ફરતે તારની ફેન્સીંગ, વડના વિકાસની કામગીરી અર્થે હીંચકા, પાણીની ટાંકી અને પાઈપલાઈનના કામનો સમાવેશ થાય છે.

રાજય પ્રવાસન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૩-૧૪માં દહેગામ તાલુકામાં આ પ્રોજેકટ પાછળ રૂ. ૧,૪૬,૬૨૧નો ખર્ચ કરવામાં આવ્યો છે.

● **જિલ્લામાં નવી શાળાઓને મંજૂરી**

કોંગીના ધારાસભ્ય તેજસ્વીની પટેલના એક લખિત પ્રશ્નના ઉત્તરમાં રાજયના શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૨ના વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૧૦ સ્વનિર્ભર માધ્યમિક શાળાઓ અને ૧૨ ઉ.મા. શાળાઓ સ્વનિર્ભરની શરુ કરવા માટે મંજુરી અપાઈ છે. જયારે ૨૦૧૩ના વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૫ સ્વનિર્ભર મા. શાળા અને ૬ સ્વનિર્ભર ઉ.મા. શાળાને મંજુરી આપવામાં આવી છે.

આ બે વર્ષ દરમિયાન જિલ્લામાં એક પણ નવી સરકારી શાળા કે ગ્રાન્ટ ઈન એઈડ શાળાને મંજુરી અપાઈ નથી.

આજ સભ્યશ્રીએ પ્રા. શાળાઓની મંજુરી અંગે પુછેલ અન્ય પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૧ દરમિયાન ૨૦, ૨૦૧૨ દરમિયાન ૨૪ અને ૨૦૧૩ દરમિયાન ૪૬ સ્વનિર્ભર પ્રા. શાળાઓને મંજુરી આપવામાં આવી છે.

● **જિલ્લામાં રોપાનું વાવેતર**

કોંગીના જ ધારાસભ્યશ્રી અમીતભાઈ ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૨ વર્ષ દરમિયાન રોપાઓના વાવેતરને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૯.૯૧ લાખ રોપાનું વાવેતર કરાયું છે.

૩૧-૫-૧૪ની સ્થિતિએ આ વાવેતર પાછળ રૂ. ૨૨૮.૮૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જે રોપાઓનું વાવેતર કરાયું હતું તેમાંથી ૮.૨૯ લાખ રોપાઓ જીવીત હોવાનો દાવો પણ મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં કર્યો છે.

# પેથાપુર-મહુડી માર્ગ પર મુબારકપુર પાસે બે ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત

## એક ટ્રક સળગીને ખાખ થઈ ગઈ અને બીજી ટ્રક પલ્ટી મારીને રોડની બાજુમાં ફેંકાઈ ગઈ : સદ્દભાગ્યે કોઈ જાનહાનિ નહિ

ગાંધીનગર,તા.૧૧

પેથાપુર- મહુડી રોડ પર મુબારકપુર પાટિયા પાસે બેફામ જતી બે ટ્રકો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક ટ્રક રોડની બાજુના ખાડામાં પલટી મારી ગયો હતો જયારે એક ટ્રકમાં સ્પાર્ક થતા સળગીને ખાખ થઈ ગયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં સદ્દભાગ્યે કોઈ જાનહાની થવા પામી ન હતી. પોલીસે બંને ટ્રક વચ્ચે સર્જાયેલા જીવલેણ અકસ્માત અંગે ગુનો દાખલ કરી કાર્યવાહી શરુ કરી છે.

હાઈવે ઉપર રેતી- કપચી તથા અન્ય માલસામાન ભરીને ધસમસતી જતી ડમ્પરોની બેફામ ગતિને કારણે કેટલાય જીવલેણ અકસ્માતો બનવા પામ્યા છે અને કેટલાય લોકોએ જીવ પણ ગુમાવ્યા છે. તેમ છતાં ભારે વાહનો ચલાવતા ડ્રાઈવરો ગતિ મર્યાદા ઓળંગીને વધુ ફેરા મારી કમાઈ લેવાની લ્હાયમાં હજુ પણ બેફામ ગતિએ જ વાહનો દોડાવે છે. ગઈ કાલે આવા જ બેફામ જતા એક ટ્રકે કલોલ રોડ પર બે વિદ્યાર્થીનીઓની જીન્દગી કચડી મારી હતી ત્યારે આજે પણ આવો જ એક ગમખ્વાર અકસ્માત ગાંધીનગર નજીક પેથાપુર-મહુડી માર્ગ પર બનવા પામ્યો હતો. જો કે સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાણહાની થવા પામી નથી. બે ટ્રકો પેથાપુર-મહુડી હાઈવે પર મુબારકપુર પાસે સામસામે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. બંને ટ્રકના ડ્રાઈવર-કલીનરોનો આબાદ બચાવ થવા પામ્યો છે. આ અકસ્માતમાં એક ટ્રક પલટી મારીને રોડની સાઈડમાં જતી રહી હતી જયારે બીજી અકસ્માતગ્રસ્ત ટ્રક સ્પાર્ક થતા સળગી ઉઠી હતી. પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી આરંભી છે.



## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરના વિભાગીય આરોગ્ય નિયામક તરીકે ડૉ. દિનકર રાવલને વધારાનો ચાર્જ સોંપાયો છે
- ગાંધીનગરના કલેક્ટર તરીકે ડૉ. સ્વરૂપને વિદાય અને નવા કલેક્ટર રવિશંકરને આવકારતો એક કાર્યક્રમ જિલ્લાના મહેસુલી કર્મચારીઓ દ્વારા યોજાયો હતો.
- ગાંધીનગરના પૂર્વ કલેક્ટર ડૉ. પી. સ્વરૂપને ઈન્ડેક્ષ બી ની સાથે સાથે સ્ટેમ્પડ્યુટીના કમિશનરનો પણ વધારાનો ચાર્જ સોંપાયો છે.
- ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહને આવકારવા ગાંધીનગર જિલ્લા ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં એરપોર્ટ પર પહોંચ્યા હતા.
- જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલની બદલીની ચાલતી અફવાઓ પર આજે સાંજે થયેલા બદલીના હુકમ થતાં પૂર્ણ વિરામ મુકાયું હતું.

## પૂરક પરીક્ષાને લઈ સ્કૂલ ઓફ ડાન્સના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા.૧૧

ધો-૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાને અનુલક્ષી સે-૮ સ્થિત સેંટ ઝેવિયર્સ શાળામાં ચાલતા કલ્ચરલ સ્કૂલ ઓફ ડાન્સના વર્ગોનો સમય બદલવામાં આવ્યો છે. તા. ૧૨ અને ૧૩ જુલાઈના રોજ ડાન્સીંગ સ્કુલનો સમય શનિવારે સાંજે ૬ના બદલે ૭ વાગ્યાનો રહેશે જયારે રવિવારે સવારે ૧૦ કલાકના બદલે બપોરે ૨ વાગે તાલીમાર્થીઓને કલાસમાં હાજરી આપવા જણાવાયું છે. શહેરમાં સાંસ્કૃતિક વૃત્તિ-પ્રવૃત્તિને વેગ આપવા પ્રયત્નશીલ કલ્ચરલ ફોરમ દ્વારા ગત રથયાત્રાના દિવસે જ સ્કુલ ઓફ ડાન્સનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેને લઈ નગરના કલાપ્રેમીઓમાં વિશેષ ઉત્સુકતા જોવા મળી રહી છે.

# ગરમીનો પારો પુન: ૪૦ ડિગ્રી પર નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

ગાંધીનગર, તા. ૧૧

શહેરમાં ગરમી કાળો કેર વર્તાવી રહી છે. ગરમીના કારણે જન-જીવન અસ્તવ્યસ્ત થઈ રહ્યું છે. વરસાદના રીસામણાના કારણે આજે શહેરમાં ગરમી ફરીથી ૫૦.૫ ડિ.સે. પહોંચી ગઈ હતી અને લઘુત્તમ ૨૯.૦ ડિ.સે. નોંધાઈ છે. આખો દિવસ બફારાથી નાગરિકો આકુળ-વ્યાકુળ થઈ ગયા હતા.

રાજયમાં આ વર્ષે રેકોર્ડ ગરમી નોંધાઈ છે. ઉનાળાની શરૂઆતથી જ ગરમીએ પોતાનો મિજાજ બતાવવાનું ચાલુ કર્યું છે. સૂર્યદેવ જાણે સામાન્ય નાગરિકો પર વર્ષો જુનું વેર વાળી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાત્રીના કારણે ઠંડી થયેલી જમીનમાં ૬૫ ટકા ભેજ નોંધાયો હતો અને સાંજ પડતાં જ આ ભેજ ૩૮ ટકા નોધાવા પામ્યો છે.

છેલ્લા કેટલાક દિવસથી ગરમીનો પારો ૪૦ ડિગ્રી નીચો રહેતો હતો. પરંતુ આજે ફરીથી સૂર્યનો પ્રકોપ જોવા મળતો હતો. જેના કારણે ગરમી મહત્તમ ૪૦.૫ ડિ.સે. અને લઘુત્તમ ૨૯.૦ ડિ.સે. નોંધાઈ છે. આ વર્ષની ગરમીના કારણે સૌ કોઈ તોબા પોકારી ઉઠ્યા છે. ગરમીના કારણે આખો દિવસ બફારો અનુભવાતો હતો. પંખાની અસર ઓછી અને બફારાની વધારે થતી હતી.

સામાન્ય નાગરિકોને વરસાદ ખેંચાવાને કારણે બેવડો ફટકો પડી રહ્યો છે. એક બાજુ અસહ્ય ગરમીથી પરેશાન થઈ રહી છે. અને બીજી બાજુ ગરમીના કારણે હજુ પણ પંખા, એ.સી. અને કુલરો ચલાવવા પડે છે. જેના કારણે લાઈટ બીલ પણ વધુ આવી રહ્યું છે. વિધિવત રીતે ચોમાસાનો સમય ચાલી રહ્યો હોવા છતાં સૂર્યદેવ અગનગોળા છોડી રહ્યા છે. વૃદ્ધો અને બાળકો ગરમીથી ત્રસ્ત બન્યા છે. તો બીજી બાજુ ખેડૂતોની હાલત કફોડી બની છે.

# ગુજરાત આજે દેશનું સૌથી સલામત રાજય છે : રજનીકાન્ત પટેલ

## પોલીસતંત્રના આધુનિકરણ અને સુદઢિકરણ માટે અંદાજપત્રમાં અનેકવિધ જોગવાઈ

ગાંધીનગર, તા. ૧૧

ન્યાય અને રક્ષણ એ શાસનની મૂળ બાબતો છે અને ગુજરાત આજે દેશનું સૌથી સલામત રાજ્ય છે. સદાય શાંતિનો અહેસાસ એ વિકાસના પાયામાં છે અને ગુજરાતની શાંતિનું શ્રેય વડાપ્રધાન અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને જાય છે, એમ કહીને ગૃહ રાજ્ય મંત્રીશ્રી રજનીકાન્તભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજયના દરેક નાગરિકની સલામતી અને જાહેર સુરક્ષા માટે કટિબદ્ધ રાજ્ય સરકારે પોલીસતંત્રના આધુનિકરણ અને સુદઢીકરણ માટે અનેકવિધ પગલાં લીધા છે.

વિધાનસભા ગૃહમાં ગૃહ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં મંત્રીશ્રી રજનીકાન્તભાઈ પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા એક દાયકામાં ગુજરાતે દરેક ક્ષેત્રમાં અભૂતપૂર્વ વિકાસ સાધ્યો છે અને કાયદો વ્યવસ્થાની યોગ્ય પરિસ્થિતિ જળવાય એ વિકાસ માટેનું એક અગત્યનું ચાલક બળ છે. તેમણે જણાવ્યું હતું કે, રથયાત્રા, ગણેશોત્સવ, મહોરમ જેવા તહેવારોમાં અગાઉના વર્ષોમાં અમદાવાદમાં ભયનો માહોલ સર્જાતો હતો, પરંતુ હવે આ બાબત બહુ જૂનો ભૂતકાળ બની ગઈ છે. આજે ગુજરાતમાં તમામ ઉત્સવો કોમી એખલાસ અને સદભાવનાના માહોલમાં ઉજવાઈ રહ્યા છે. એક દાયકામાં ગુજરાતમાં ક્યાંય કોમી હુલ્લડો, કિસાન આંદોલનો કે ઔદ્યોગિક આંદોલનો થયા નથી, જેનું તમામ શ્રેય ગુજરાતની સંવેદનશીલ સરકારને જાય છે.

ગૃહ રાજ્ય મંત્રીશ્રી રજનીકાન્તભાઈ પટેલે ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે પોલીસ દળની જગ્યાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત રાખવાનો નોંધપાત્ર નિર્ણય કર્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં પોલીસ સબ-ઈન્સ્પેક્ટરથી માંડીને કોન્સ્ટેબલ તથા અન્ય સંવર્ગની મળીને કુલ ૨૧૫૯૨ નવી નિમણૂંકો આપવામાં આવી છે. તથા આ વર્ષે ૪૧૫૦ જગ્યાઓ ભરવાનું આયોજન છે. પોલીસ સ્ટેશનોમાં ઈ-ગુજકોપ તથા આધુનિક વાહનોથી પોલીસ ખાતાને સુસજ્જ કરવામાં આવી રહ્યું છે.

રાજ્યની ફોરન્સીક સાયન્સ

● અનુસંધાન પાન-૭ પર




**ચોથી માસિક પુણ્યતિથિને ગુરૂપૂર્ણિમાએ**
**શ્રદ્ધાંજલિ**

જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત, એ કુદરતી પ્રક્રિયા સનાતન સત્ય હોવા છતાં, કેટલાક મૃત્યુ એવા હોય છે કે, જેના ઘાવ જલ્દી રૂઝાતા નથી, એવો જ એક સદ્દગત આત્મા આપની પાસે આવ્યો છે... પ્રભુ આ આત્માને શાસ્વત અને ચિર શાંતિ અર્પો એ જ પ્રાર્થના...

॥ ૐ નમઃ શિવાયઃ ॥

સ્વ.અ.સૌ. શ્રીમતી જશોદાબેન બાબુલાલ સુથાર
દેહ વિલય : ફાગણ સુદ પૂનમ

લિ. બાબુલાલ જે. સુથાર
(નિવૃત્ત નકશાગાર, પા.યો. વિભાગ-૧, ગાંધીનગર)

રમેશભાઈ જે. સુથાર — કુસુમ આર. સુથાર
જીગર બી. ગજ્જર — અમી જે. ગજ્જર
નિકુંજ બી. ગજ્જર — અર્ચના એન. ગજ્જર
હિમાંશુ આર. ગજ્જર — ફાલ્ગુની એચ. ગજ્જર
સુદિપકુમાર સી. ગજ્જર — બીજલ એસ. ગજ્જર
પાયલ, માનુષી, હિયા, જૈનીશ, જિયાંશ



Y.A. MANSURI
M. : 9824049503

SANJAY S. SHAH
P. Manubhai Medical

Since 1986
॥अभय॥
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Exhibitions
• Marriage • Reception • Parties • Seminars

ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS

CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194,
B/h. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com


# કલ્ચરલ ફોરમ દ્વારા રવિવારે અર્ક વ્યાખ્યાનમાળાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આવતીકાલે 'અર્ક' વ્યાખ્યાનમાળાનો શુભારંભ કરવામાં આવશે. સંસ્થા દ્વારા સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓની સાથે સંવેદનશીલ સમાજરચનાના ઉમદા હેતુસર આ વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. ટાઉનહોલ ખાતે સવારે ૯.૩૦ કલાકે લોકપ્રિય સર્જક ગુણવંત શાહ 'માનવ સ્વભાવનું મહાકાવ્ય-મહાભારત' વિષય અંગે પ્રેરક વ્યાખ્યાન આપશે.



**'માનવ સ્વભાવનું મહાકાવ્ય-મહાભારત' વિષય પર જાણીતા સર્જક-ચિંતક ગુણવંત શાહનું રસપ્રદ વ્યાખ્યાન**

શહેરમાં કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે ચેતના જાગૃત કરવા ઉપરાંત કલાકારોને સ્ટેજ પુરૂ પાડતી સંસ્થા કલ્ચરલ ફોરમ દ્વારા વર્ષ દરમ્યાન વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત નગરના કલાકારોને સ્ટેજ પુરૂ પાડવા ઉપરાંત કલાક્ષેત્રે વિવિધ તકો ઉપલબ્ધ થાય તે માટે સ્કૂલ ઓફ એકટીંગ, ડાન્સ અને ડ્રોઈંગની પણ શરૂઆત કરવામાં આવી છે. જ્યારે તંદુરસ્ત અને સંવેદનશીલ સમાજ રચનાના ઉમદા આશય સાથે સંસ્થા દ્વારા 'અર્ક' વ્યાખ્યાનમાળાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓની સાથે સમાજમાં વધુ સંવેદના પ્રગટાવવા વર્ષ દરમિયાન ગુજરાતના લબ્ધ પ્રતિષ્ઠિત સર્જકો અને ચિંતકોના ચાર થી પાંચ વ્યાખ્યાન યોજાશે. જેના શુભારંભ ૧૩ જુલાઈના રોજ સે. ૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૯.૩૦ કલાકે લોકપ્રિય સર્જક અને ચિંતક ગુણંવત શાહ માનવ સ્વભાવનું મહાકાવ્ય મહાભારત પર પ્રેરક અને ચિંતનાત્મક વ્યાખ્યાન આપશે. નાગરિકોને લાભ લેવા જણાવાયું છે.


**જ્યોતિષ દીદી**
**ગુરૂપૂર્ણિમા**
અષાઢી ગુપ્ત નવરાત્રમાં સિદ્ધ કરાયેલા શ્રીચંત્ર ૫૧/- રૂનાં ટોકનથી આપવામાં આવશે.
jyotishdidi@gmail.com
(O) 9879152153
(R) 23220011



ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.


# સે. ૪-સીના કોમન પ્લોટમાં કાટમાળનો ઢગ : રહીશો ત્રસ્ત



**સ્થાનિક રહીશો આ મામલે ગુડાને રજૂઆત કરશે**

ગાંધીનગર, તા. ૧૧

શહેરમાં ગંદકીની સમસ્યા જટીલ બની છે ત્યારે સેક્ટરોમાં સ્થિત કોમન પ્લોટોમાં કચરાના ઢગની સાથે બિલ્ડીંગ મટીરીયલ્સનો વેસ્ટ ખડકાયો છે. સે. ૪-સી માં પણ આવી જ સ્થિતિ છે. બાધકામના અંતે પણ ઈંટ-પત્થરો સહીતનો કાટમાળ દૂર ન થતા સ્થાનિક રહીશો તોબા પોકારી ગયા છે. સ્થાનિક અગ્રણીઓ દ્વારા આ મામલે ગુડાને રજૂઆત કરવામાં આવી છે.

શહેરમાં યોગ્ય સફાઈ વ્યવસ્થાના અભાવ વચ્ચે સેક્ટરોમાં કચરાના ઢગ ખડકાયા છે ત્યારે સેક્ટરોમાં ઘર આંગણે સ્થિત કોમન પ્લોટમાં પણ બિલ્ડીંગ મટીરીયલ્સનો વેસ્ટ ખડકાતા આમ નાગરિકો માટે મોટો શિરદર્દ ઉભો થયો છે. શહેરના ખાનગી રહેણાંકમાં હાથ ધરાતી બાંધકામની પ્રવૃત્તિના અંતે સ્થળ પરથી ઈંટ-પત્થરો સહીતનો વેસ્ટ દૂર ન કરાતા સોસાયટીના અન્ય રહીશો માટે મુંઝવણ ઉભી થાય છે. જ્યારે આવા કીસ્સામાં સંબંધિત તંત્ર કક્ષાએથી પણ જવાબદાર સામે પગલા ન લેવાતા

● અનુસંધાન પાન-૭ પર


SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com